# જાતિભેદ અને ઈસ્લામ

ડૉ. ફઝલુર્રહમાન ફરીદી

• અનુવાદક •
એમ. એમ. અન્સારી (વફા જોનપુરી)

*શરૂ અલ્લાહના નામથી જે અત્યંત કૃપાળુ અને દયાળુ છે.*

# જાતિભેદ અને ઈસ્લામ

પશ્ચિમી સંસ્કૃતિ માનવતાના ભાગલા કરવામાં વિશ્વાસ ધરાવે છે. તેણે હંમેશાં એવા દષ્ટિકોણને પ્રોત્સાહન અને બળ આપ્યું છે, જે માનવીને નાત-જાત, વંશ, કુટુંબ, રંગ, ભાષા અને જાતિમાં વહેંચે છે. પછી આ બુનિયાદોને સ્વીકારી લઈ હક્કો અને ફરજો નક્કી કરે છે. તદુપરાંત આ કૃત્રિમ અને બિન-કુદરતી વહેંચણીને પોતાનાં સામાજિક માળખામાં બે વિપરિત હેતુઓ માટે ઉપયોગમાં લેવાની યોજના ઘડી કાઢે છે. એક બાજુ તો એણે ભેદભાવને મજબૂત કર્યો છે. જયારે બીજી બાજુ તેના કારણે ઉપસ્થિત થતાં પરિણોમોના નિરાકરણ માટે હક્કો અને ફરજોની જંગ છેડી છે. દરેક વહેંચણી ઉપર આધારિત સમૂહોને એકબીજાના હરીફ સમૂહોમાં વહેંચી દીધા છે. આ વહેંચણી કે વિભાજનનો સૌથી પ્રપંચ ભર્યો શિકાર તો આ યુગમાં પુરુષ અને સ્ત્રી વચ્ચે ભેદભાવ છે, જેને (Gender Disperity)ના નામે ઓળખવામાં આવે છે. આ ભેદભાવનો નામ જ એ વાતની સાક્ષી પૂરે છે કે પુરુષ અને સ્ત્રીને હક્કોની દૃષ્ટિએ વર્તમાન સમયમાં અન્યાયનો ભોગ બનાવી દેવામાં આવ્યા છે. આ અન્યાયની રોકથામ માટે અધિકારની લડત છેડવી અનિવાર્ય છે. વર્તમાન યુગની સંસ્કૃતિનો સૌથી મહત્ત્વનો હેતુ એ છે કે સમાજના વિવિધ તત્ત્વોને સત્યની શોધ માટે સતત સંઘર્ષમાં ફસાવી રાખવામાં આવે. આ સંઘર્ષમાં અધિકારોનું અસ્તિત્વ પ્રથમ સ્થાન હાસલ કરી લે છે. અધિકારોની આ લડાઈમાં કેટલાક અગત્યના નિયમોની અવગણના કરવામાં આવે છે. પ્રથમ એ છે કે દરેક વર્ગની કુદરતી કાબેલિયત તેમજ યોગ્યતા (ક્ષમતા) એ અધિકારોની વહેંચણી માટે મજબૂત પાયો બનવો જોઈએ. પુરુષ અને સ્ત્રીની કુદરતી કાબેલિયત અને યોગ્યતામાં કોઈ બુન્યાદી ફેરફારની સંભાવના

કલ્પી શકાય નહિં. બીજો નિયમ એ છે કે હક્કો અને ફરજો બન્ને એકબીજાના આધારે પરિપૂર્ણ થાય છે. જો ફક્ત અધિકારના આધારે સમાજની રચના કરવામાં આવે તો તે પોતાના ઉદ્દેશ્યોને પાર પાડી શકે નહીં. અને જો ફક્ત ફરજોના આધારે તેની રચના થાય તો અત્યાચાર તેમજ શોષણ જન્મ લે છે.

અધિકારોને મહત્વ આપવાથી એવી આઝાદી મળે છે કે જે જવાબદારીઓથી વેગળા રહેવું શીખવાડે છે, કાયદા, નિયમો તેમજ મૂલ્યો પ્રત્યે બેપરવાહી શીખવાડે છે. જે માનવીને એકબીજા સાથે હળી-મળીને રહેવાનું ભુલાવી દે છે. અને સૌથી મોટું નુકસાન એ થાય છે કે વ્યક્તિગત અને સાર્વજનિક જવાબદારીઓની અવગણના એવા સમાજની નિશાની બની જાય છે.

ઈસ્લામ એવો દીન (ધર્મ) છે જે જાતી અસમાનતા (Gender Disperity)ને રદ કરે છે. જીવન વિશેની એની કલ્પના પ્રમાણે માનવતાના ભાગલા એ જગતના પરવરદિગાર (ખુદા)ના ડહાપણ (Wisdom) અને મરજી વિરુદ્ધ છે. તમામ માનવજાત ખુદાની નજરમાં સમાન મહત્ત્વ અને સંમાનને માત્ર છે. તેણે જ દુનિયા બનાવી છે તેની નેમતો (સમગ્ર સર્જન) દરેક માટે પુષ્કળ છે. તેનાથી લાભ લેવાનો દરેકને અધિકાર છે. કુર્આને કરીમે માનવીય સમાનતાની જે કલ્પના આપી છે તેનું સ્પષ્ટ વિવરણ આ આદેશમાં મોજૂદ છે :

> **"એ અલ્લાહ જ છે જેણે તમને એક જીવમાંથી પેદા કર્યા અને તેની જાતિમાંથી તેનું જોડું બનાવ્યું."** *(સૂરઃ આ'રાફ-૧૮૯)*

બીજી જગ્યાએ કુર્આને કરીમમાં આ મૂળભૂત વિચારને એ રીતે રજૂ કર્યો છે કે, માનવજાતની રચનાની દ્રષ્ટિએ પુરુષ અને સ્ત્રીની શરૂઆત એક જ તત્વથી થયેલ છે. માટે પોતાના મૂળની દ્રષ્ટિએ બન્ને બરાબર છે.

> **"પછી તે એક માંસનો લોચો બન્યો, પછી અલ્લાહે તેનું શીર બનાવ્યું અને તેના અંગો સપ્રમાણ કર્યા. પછી તેના વડે પુરુષ અને સ્ત્રીની બે જાતો બનાવી."** *(સૂરઃ કિયામહ-૩૮,૩૯)*

જીવન વિશેની ઈસ્લામી કલ્પનાની રૂએ બન્ને જાતિઓ પોતાની રચનાની દ્રષ્ટિએ એક જ સજીવ તત્ત્વથી સંબંધિત છે અને એક જ સર્જનહારની સર્જનયુક્તિનું સ્પષ્ટીકરણ છે એટલા માટે એમનામાં કોઈપણ પ્રકારની અસમાનતા

ખોટી છે. તેમજ અલ્લાહની હિકમતની વિરુદ્ધ છે. પોતાના મૂળ સર્જનની દ્રષ્ટિએ પુરુષને ઉચ્ચતર સ્થાને મૂકવું અને સ્ત્રીને તેનાથી નિમ્ન દરજ્જો આપવાથી દુનિયાની સર્જન પ્રક્રિયા ખામીયુક્ત ઠરે છે. કમનસીબે ઈસ્લામ પૂર્વેની જીવનલક્ષી કેટલીક કલ્પનાઓમાં આ જ મોટી ભૂલ થઈ છે. કોઈએ સ્ત્રીને ખામીયુક્ત (અપરિપક્વ) બુધ્ધિવાળી બતાવી છે, કોઈએ તેને કેવળ પુરુષની ઈચ્છાઓ સંતોષવાના સાધન તરીકે જોઈ, અને તેનો ઉપયોગ કર્યો, કોઈએ તેને પાપ ઠરાવી. જ્યારે કેટલાક ધર્મોએ પોતાની આધ્યાત્મિકતાના અભિમાનને કારણે સ્ત્રીથી સંપૂર્ણ વિખૂટા રહેવા (બ્રહ્મચર્ય)ને આધ્યાત્મિક સફળતા માટે જરૂરી સમજ્યું. આવી બિનકુદરતી વહેંચણીની અસર સ્ત્રી-પુરુષના પરસ્પરના હક્કો અને ફરજો નક્કી કરવા ઉપર થઈ છે. મોટાભાગના લોકોએ સ્ત્રીની ફરજો અને જવાબદારીઓ ઉપર એટલો બધો ભાર મૂક્યો છે કે તેના માનવીય અધિકારોની પણ અવગણના થઈ છે.

ઈસ્લામે સ્ત્રી-પુરુષ દરમ્યાન જે સમાનતા જાળવી રાખી છે તે પોતાની સંપૂર્ણતાની દ્રષ્ટિએ અજોડ છે. તેની તાલીમની રૂએ અસમાનતાની કલ્પના-માત્ર જ અશક્ય છે.

અધિકારોની દૃષ્ટિએ ઈસ્લામે સ્ત્રી અને પુરુષના વિવાહિત જીવનમાં અધિકાર અને ફરજ બન્નેને મહત્ત્વ આપ્યું છે.

**"સ્ત્રીઓ માટે પણ સામાન્ય નિયમ અનુસાર એવા જ અધિકારો છે જેવા પુરુષોના અધિકારો તેમના ઉપર છે."** *(સૂરઃ બકરહ-૨૨૮)*

વિવાહિત જીવનમાં આની શક્યતા વધારે હોય છે કે પુરુષ પોતાના પ્રભુત્વ અને વર્ચસ્વનો લાભ લઈ સ્ત્રીના અધિકારો તેને ન આપે અને તેને ફક્ત સેવા-ચાકરી માટે જ નિશ્ચિત કરી લે. પરંતુ ત્યાં પણ બન્નેને યાદ કરાવવામાં આવ્યું છે કે બન્ને એકબીજાના પૂરક છે. અધિકાર ફક્ત એકનો જ નથી, પરંતુ હકની સાથે જવાબદારી અને ફરજો પણ છે. આ વિચારધારા પ્રાચીન અજ્ઞાનતાભરી કલ્પના અને અત્યાધુનિક કલ્પના બન્નેથી જુદી છે. આધુનિક વિકાસશીલ સમય એકતરફી અકિારોની રમત ઉપર આધારિત છે. એટલા માટે તે વિવાહિત જીવનમાં પણ અન્ય દરેક પ્રકારની જવાબદારીની અવગણા કરી ફક્ત સ્ત્રીના હક્કોના રક્ષણને જ ભગીરથ કાર્ય સમજે છે. એના કારણે જે ગૂંચવણો પેદા થાય છે તેનો ઉલ્લેખ

પાછળથી કરવામાં આવશે.

સ્ત્રીની રચના (સર્જન)ને જે રીતે કુર્આન વર્ણવે છે, તે પણ જાણી લઈએ:

> **"અને તેની નિશાનીઓ પૈકી આ છે કે તેણે તમારા માટે તમારી જ જાતિમાંથી પત્નીઓ બનાવી જેથી તમે તેમની પાસે આરામ મેળવી શકો અને તમારી વચ્ચે પ્રેમ અને દયા પેદા કરી દીધાં. નિઃશંક આમાં ઘણી નિશાનીઓ છે એ લોકો માટે જેઓ વિચાર કરે છે."** *(સૂરઃ રૂમ-૨૧)*

આ આયતમાં ઈસ્લામ એક તરફ જાતિભેદની અસમાનતા ઉપર વાર કરે છે અને એવી ચેતવણી આપે છે કે, અલ્લાહ તઆલાએ માનવીને પોતાની જાતિમાંથી જ તેમનો જોડો બનાવ્યો છે. માટે આ બન્નેની રચના પણ એક જ છે. તેથી માનવીના જીવના આધારે તેને બે ભાગમાં વહેંચી શકાય નહિં. ન તો એક ઉચ્ચતર છે, તો બીજો નિમ્નતર. એમાં આ જોડાની રચનાનો આશય પણ બતાવવામાં આવ્યો છે કે આવી રીતે બન્ને દરમ્યાન પરસ્પર પ્રેમ અને દયાના અવસર ઉપલબ્ધ કરવામાં આવે. આ બન્ને ફક્ત જાતીય કામેચ્છાના માધ્યમ નથી, ન તો બન્ને એક બીજાની સેવા માટે પેદા કરવામાં આવ્યા છે. પરંતુ આ પાયાની માનવીય ઈચ્છાને પરિપૂર્ણ કરવા માટે માધ્યમ બનાવવામાં આવ્યા છે. જો વ્યક્તિ ચિંતન કરે તો તેને આ હકીકત સમજાઈ જશે કે, અલ્લાહતઆલાની કેટલી મોટી કૃપા છે કે એ ઈચ્છાઓને પૂર્ણ કરવા તેમજ તેના સંતોષ માટે આટલી મજબૂત પાયાની વ્યવસ્થા કરી છે. આવી રીતે તેણે આ પણ સ્પષ્ટ કરી દીધું છે કે, પુરુષ અને સ્ત્રી એકબીજાની સમાન પણ છે. પ્રેમ અને સ્નેહ માટે એકબીજાના જરૂરતમંદ પણ છે. તેમજ માનવીય સમાજની પ્રગતિ તથા સફળતા માટે અસરકારક માધ્યમ પણ. સ્ત્રીના સમ્માન અને તેના ઉચ્ચ દરજ્જાની આ ખૂબ જ અસરકારક બાબત છે.

જાતીય અસમાનતાની કલ્પનાને જડમૂળથી ઉખેડી નાખવા માટે ઈસ્લામે જે બહુક્ષેત્રીય વ્યવસ્થા કરી છે તેની કેટલીક બુનિયાદી પુરાવારૂપ ઈબાદતો તેમજ શરઈ જવાબદારીઓના ઉલ્લેખમાં સારી રીતે ગર્ભિત છે. દીનના માર્ગમાં તકલીફોની સાથે સાથે બદલા અને સવાબ (પૂણ્ય)ની જે કલ્પના કુર્આને કરીમે આપી છે, તે પણ આ કૃત્રિમ વહેંચણી ઉપર જોરદાર ઘા કરે છે.

"અને જે પથભ્રષ્ટ થાય તેની પથભ્રષ્ટતાનું પરિણામ તેના પર જ છે. કોઈ બોજ ઉપાડનાર બીજાનો બોજ નહીં ઉપાડે."

*(સૂરઃ બની ઇસરાઈલ-૧૫)*

"અને જે ભલા કાર્યો કરશે, ચાહે પુરુષ હોય કે સ્ત્રી, પણ હોય તે મોમિન (ઈમાનવાળા), તો આવા જ લોકો જન્નત (સ્વર્ગ)માં દાખલ થશે." *(સૂરઃ નિસા-૧૨૪)*

"હું તમારામાંથી કોઈનું કર્મ વ્યર્થ જવા દેવાનો નથી. ચાહે પુરુષ હોય કે સ્ત્રી" *(સૂરઃ આલે ઇમરાન-૧૯૫)*

ઉપરોક્ત આયતોમાં તાકીદે કહેવામાં આવ્યું છે કે, જ્યાં સુધી જાહેર દીની જવાબદારીઓની વાત છે તેમજ પોતાની ફરજો અદા કરવાની વાત છે, તેમાં બન્ને જાતી (સ્ત્રી-પુરુષના બદલા અને સવાબમાં અલ્લાહતઆલાએ કોઈ જ ફરક રાખ્યો નથી. બન્ને જ તેના સર્જન છે. બન્ને મો'મિન છે અને બન્નેએ આ હકીકત ખૂબ સારી રીતે સમજી લેવી જોઈએ કે કયામતના દિવસે બન્ને, અલગ-અલગ, ખુદાની સમક્ષ જવાબદાર હશે. ન તો પુરુષ કોઈનો ભાર ઊંચકશે અને ન તો સ્ત્રી પોતાના પતિ કે અન્ય સંબંધીઓનો ભાર ઊંચકશે. કયામતના દિવસે બધા જ સમાન હશે. માટે જાતિ ભેદની કલ્પના તે એક નિરર્થક કલ્પના છે.

જ્યાં સુધી મો'મિનના હેતુઓ અને ધ્યેયોનો સંબંધ છે તેને અદા કરવા અને પૂરા કરવામાં પુરુષ અને સ્ત્રી બન્ને એકબીજાના સાથી અને સહયોગી છે. કોઈ સ્ત્રી પોતાની જવાબદારી અદા કરવામાં બેદરકારી રાખવા બદલ આ બહાનું નહીં ધરી શકે કે તે પોતાના પતિના તાબે (હાથ નીચે) હતી, એટલા માટે કશું ન કરી શકી. ભલાઈનો હુક્મ કરવા તેમજ બૂરાઈઓથી રોકવા માટેની પોતાની ફરજો અદા કરવામાં બન્ને સમાન છે.

"મો'મિન (ઈમાનવાળા) પુરુષો અને મો'મિન (ઈમાનવાળી) સ્ત્રીઓ સૌ એક-બીજાના મિત્રો છે. ભલાઈની આજ્ઞા આપે છે અને બૂરાઈથી રોકે છે" *(સૂરઃ તૌબા-૭૧)*

આની વિગત એક આયતમાં એવી રીતે બયાન કરવામાં આવી છે કે, સત્કર્મો માટે સરખા પ્રયત્ન કરનારા પુરુષ અને સ્ત્રી, જે પોતાના માલિક અને પાલનહારના

માર્ગમાં પોતાનું ધન દાન કરે છે, તે સૌ માટે બદલો અનેક ગણો વધારીને આપવામાં આવશે.

> **"પુરુષો અને સ્ત્રીઓમાંથી જે લોકો દાન આપનારા છે, અને જેમણે અલ્લાહને સારૂં ઋણ આપ્યું છે, તેમને નિઃસંદેહ અનેકગણું વધારીને આપવામાં આવશે, અને તેમના માટે શ્રેષ્ઠ બદલો છે."**
>
> *(સૂરઃ હદીદ-૧૮)*

આનાથીય વધુ વિસ્તારથી કુર્આને કરીમની એક આયતમાં વિવિધ સત્કર્મોને ગણાવવામાં આવ્યા છે. દરેકમાં સ્ત્રી અને પુરુષને બદલા અને સવાબની બાબતમાં સમાન દરજ્જો આપવામાં આવ્યો છે. અને એક મુસ્લિમ સમાજની કલ્પના એવી રીતે કરવામાં આવી છે કે, તેમાં સ્ત્રીઓ અને પુરુષો બન્ને એ સત્કર્મોમાં હરીફાઈ કરે છે. કોઈ ફકત પોતાની જાતિ (લિંગભેદ)ને કારણે ન તો નિમ્ન હોય છે, કે ન કોઈ ઉચ્ચતર. અલ્લાહની નજરમાં તો એ સદ્‌ગુણો હોય છે જેના પ્રતાપે તેઓ ઉચ્ચ દરજ્જા ઉપર બિરાજમાન થાય છે.

> **"નિશ્ચિતપણે જે પુરુષો અને જે સ્ત્રીઓ મુસ્લિમ છે, ઈમાનવાળા છે, આજ્ઞાંકિત છે, સત્યનિષ્ઠ છે, ધૈર્યવાન છે, અલ્લાહની આગળ ઝુકનારા છે, સદ્‌કા (દાન) આપનારા છે, રોઝા રાખનારા છે, પોતાના ગુપ્તાંગોની રક્ષા કરનારા છે અને અલ્લાહને પુષ્કળ પ્રમાણમાં યાદ કરનારા છે, અલ્લાહે તેમના માટે ક્ષમા અને મોટું વળતર તૈયાર કરી રાખ્યું છે."** *(સૂરઃ અહઝાબ-૩૫)*

જાતીય સમાનતાની કુર્આનની આ કલ્પના જીવન વિશેની કલ્પનાની એ મૂળ ભૂલને છતી કરે છે કે જેમાં અગાઉથી પ્રચલિત ભેદભાવની કલ્પનાને સ્થાપિત કરીને તેનાથી પેદા થનાર અપકૃત્યોને ખતમ કરવા માટે સંઘર્ષ કરવામાં આવે છે. ઈસ્લામની ઉપર્યુક્ત કલ્પનાની આગવી ખૂબી એ છે કે, તેણે હક્કો અને ફરજો નક્કી કરવામાં આ બાબતની કાળજી રાખી છે કે, દરેક જાતિ (લિંગ)ની જવાબદારીઓ નક્કી કરી. જ્યાં તેણે સામાજિક જીવનમાં સ્ત્રીની મૂળભૂત જવાબદારી કુટુંબની સાર-સંભાળ તેમજ બાળકોનું ઘડતર ગણાવી છે અને તેને પરિપૂર્ણ કરવા માટે તેના હક્કો અને ફરજો નક્કી કર્યા છે. તેવી જ રીતે સમાજની

રચના અને તેને ટકાઉ બનાવવાની જવાબદારી પુરુષના શીરે નાખી છે. એના જ સંદર્ભમાં પુરુષના હક્કો પણ નક્કી કર્યા છે. તેણે ઘરને સંભાળવા તેમજ રોજી કમાવવાની જવાબદારી પુરુષ પર નાખી છે. અને એ જવાબદારી મુજબ તેનો એ હક્ક નક્કી કર્યો છે કે તેને ઘરના રખેવાળનો દરજ્જો આપ્યો છે.

**"પુરુષો સ્ત્રીઓના કવ્વામ[1] છે, એ આધારે કે અલ્લાહે તેમનામાંથી એકને બીજા ઉપર ફઝીલત (વિશિષ્ટતા) આપી છે, અને એ આધારે પણ કે પુરુષ પોતાનું ધન ખર્ચ કરે છે."**

*(સૂરઃ નિસા-૩૪)*

[1] *અર્થાત્ તે માણસ જે કોઈ વ્યક્તિ કે સંસ્થા કે વ્યવસ્થાના મામલાઓને સારી રીતે ચલાવવા, તેની સુરક્ષા અને દેખરેખ રાખવા અને તેની જરૂરતોને પૂરી કરવાનો જવાબદાર હોય.*

આ આયતમાં આ બાબત તરફ નિર્દેશ છે કે, રોજી કમાવવી ખરેખર પુરુષની જવાબદારી છે, સ્ત્રીની નહિં એ મુજબ બન્નેના હક્કો નક્કી કરવામાં આવ્યા છે.

તદ્દન દીની અને આધ્યાત્મિક પ્રયત્નમાં પણ આ દીને (ઇસ્લામે) જાતીય ભેદને માન્ય રાખ્યું નથી. બલ્કે બન્નેને ખુશખબરી આપી છે કે, તેઓ પોતાના પ્રયત્નો પ્રમાણે અલ્લાહતઆલાને ત્યાં માન-સન્માનને યોગ્ય ઠરશે તેમજ કયામતના અંધકારમાં પ્રકાશ (નૂર) પામશે. એટલે કુર્આનનો ઇરશાદ છે :

**"તે દિવસે જ્યારે તમે ઈમાનવાળા પુરુષો અને સ્ત્રીઓને જોશો કે તેમનું નૂર (પ્રકાશ) તેમના આગળ-આગળ અને તેમની જમણી બાજુ દોડી રહ્યું હશે. (તેમને કહેવામાં આવશે કે) "આજે ખુશખબર છે તમારા માટે." જન્નતો હશે જેમના નીચે નહેરો વહી રહી હશે, જેમાં તેઓ હંમેશા રહેશે. આ જ છે મોટી સફળતા."** *(સૂરઃ હદીદ-૧૨)*

ઇસ્લામમાં સ્ત્રીઓના આવા સન્માન અને પ્રોત્સાહનની સાક્ષીરૂપ ઉદાહરણો બીજા પણ છે. દા.ત. રસૂલુલ્લાહ સ.અ.વ.નો આ ઈર્શાદ કે :

"જન્નત માના પગ નીચે છે." અને આપ સ.અ.વ.નો આ ઇરશાદ કે "તમારા સદ્‌વર્તનની સૌ પ્રથમ હકદાર તમારી મા છે." અથવા સ્ત્રીનું અજોડ સન્માન કે હજ્જ જેવી ઇબાદતમાં હઝરતે હાજરાની સુન્નત - સફા અને મરવા

દરમ્યાનની ''સઈ''ને હજ્જનો ભાગ બનાવી દેવામાં આવ્યું.

શું આ દલીલો અને સાબિતીઓની હાજરીમાં આ દાવો કરી શકાય કે, ઈસ્લામે સ્ત્રીની બેઈજ્જતી કરી છે અને ઈસ્લામી સમાજ કે મુસ્લિમ સમાજ સ્ત્રી-પુરુષના ભેદભાવમાં સંડોવાયેલ છે ? એમા સ્ત્રીને હક્કો આપવામાં આવતા નથી અને તેની ઉપર અસહ્ય બોજો નાખવામાં આવે છે ?-સ્ત્રીને આઝાદીથી વંચિત કરી દેવામાં આવે છે-?-તેના ઉપર હિજાબ (બુરકા)ની પાબંદી નાખવામાં આવે છે. તેને પુરુષના થોડાક શબ્દો (તલાક)ના પરિણામે ઘરથી બહાર કાઢી દેવામાં આવે છે ?

આની સામે વર્તમાન સમયની સ્ત્રીની પરિસ્થિતિ જોવા લાયક છે. એ પરિસ્થિતિ જેની ઉપર વખાણ અને પ્રસંશાની વર્ષા કરવામાં આવે છે.

આધુનિક સંસ્કૃતિનું પરિપેક્ષ ઈસ્લામી કલ્પનાથી કેટલું જુદું છે તેનું સર્વેક્ષણ કરવા માટે સંબંધિત બાબતો સામે લાવવી આવશ્યક છે.

ઈસ્લામ જાતીય અસમાનતા ખતમ કરવા માટે જેટલું જતન કરે છે તેનું એક પાસુ વ્યક્તિએ પોતાની સંતાનમાં પુત્રી સાથે સદ્‌વર્તન પણ છે. રસૂલે અકરમ સ.અ.વ.ના આવા કથનોનું મહત્ત્વ એ અજ્ઞાન સમાજમાં અનેક ગણો વધી જાય છે જ્યાં પુત્રીઓને જીવતી દાટી દેવાનો રિવાજ હતો, અને તેમના જન્મને નિંદાની બાબત ગણવામાં આવતી હતી.

આપ સ.અ.વ.એ ઈરશાદ ફરમાવ્યું છે:

''જે વ્યક્તિને ત્યાં બાળકી જન્મી અને તેણે અજ્ઞાનતાના રિવાજ મુજબ તેને જીવતી દફન ન કરી અને ન તો છોકરાઓને તેની સરખામણીમાં પ્રાધાન્ય આપ્યું તો અલ્લાહ એવી વ્યક્તિને જન્નતમાં દાખલ કરશે.'' *(અબૂ દાઊદ)*

એક બીજી હદીસમાં આપ સ.અ.વ.એ નિરાધાર પુત્રી (જેને તલાક થયો હોય કે જેનું લગ્ન ન થઈ શક્યું હોય)ની તમામ જવાબદારીઓ અદા કરવાને શ્રેષ્ઠ સદ્‌કો ગણાવવામાં આવ્યું છે. *(ઇબ્ને માજહ)*

એક ખૂબ જ પ્રભાવશાળી હદીસ એ છે જેમાં અલ્લાહના રસૂલ સ.અ.વ.એ ઈરશાદ ફરમાવ્યું :

''અને જે વ્યક્તિએ ત્રણ દીકરીઓ બહેનોની સરપરસ્તી કરી અને તેમને

શિક્ષણ તથા કેળવણી (પ્રશિક્ષણ) આપ્યું અને તેમની સાથે દયાનું વલણ અપનાવ્યું; એટલે સુધી કે અલ્લાહતઆલા તેમને બેપરવા કરી દે તો એવી વ્યક્તિ માટે અલ્લાહે જન્નત વાજિબ કરી દીધી. આના પર એક વ્યક્તિએ કહ્યું: જો બે જ હોય ? તો આપ સ.અ.વ.એ ફરમાવ્યું કે બે દીકરીઓની સરપરસ્તી માટે પણ આ જ વળતર (બદલો, સવાબ) છે." *(મિશ્કાત)*

આ ફરમાનોને અજ્ઞાનતા યુગના પરિપેક્ષમાં તપાસવાથી તેની મહત્તા અનેક ગણી વધી જાય છે. જ્યાં સ્ત્રીના જન્મને નિંદાનું કારણ માનવામાં આવતું. બલ્કે વર્તમાનકાળના ભારતમાં પણ નવજાત બાળકીઓને ખતમ કરવાનો રિવાજ થઈ ગયો છે, જેમાં ગરીબ અને અમીર સૌની એક મોટી સંખ્યા સામેલ થઈ રહી છે. જેને આપણે (Female Feoticide)ના નામે ઓળખીએ છીએ. સ્ત્રી-પુરુષ વચ્ચે અસમાનતા (ભેદભાવ)ના જંતુઓ બાળકના જન્મ અગાઉથી જ પેદા થઈ જાય છે, જેને બાહ્ય વાતાવરણ પોષણ આપે છે. અને સમાજની જાતે ઉપજાવેલ નિઃસહાયતા (મજબૂરીઓ) વર્તમાન સમયમાં તેનું પોષણ કરે છે.

ઈસ્લામે ફક્ત ઉક્ત કાયદાઓ અને મૂલ્યોનો ઉલ્લેખ માત્ર જ કર્યો નથી બલ્કે વિસ્તૃત નિયમો પણ આપ્યા છે. એ નિયમો અંતર્ગત ઈસ્લામે ન્યાયી સમાજની રૂપરેખા પણ નક્કી કરી, સ્ત્રી-પુરુષ બન્ને જાતીના હક્કો પણ નક્કી કર્યા છે, તેમ જ ફરજો પણ. તેના ન્યાય આધારિત કાયદાઓનો સવિસ્તાર ઉલ્લેખ કરવો અહિંયા શક્ય નથી. ફક્ત સંક્ષિપ્તમાં એ ઉલ્લેખ કરવો જરૂરી છે. જેથી ખ્યાલ આવી શકે કે ઈસ્લામ કેવી રીતે કેવળ પ્રોત્સાહન અને માર્ગદર્શન પૂરતું બસ નથી કરતો બલ્કે નિયમો પણ બનાવીને એ હેતુને હાસલ કરવા માગે છે. એટલે તેની શરૂઆત વિવાહિત જીવનમાં સંપૂર્ણ સંતુલનથી કરે છે. તેણે નિકાહ માટે બન્ને પક્ષોને સમાન હક આપ્યો છે. મંજૂરી કે નામંજૂરીનો અધિકાર બન્નેને આપ્યા છે.

તલાક અને ''ખુલ્અ''નો હક બન્નેને આપ્યો છે. જો કે ઈસ્લામે ''ખુલ્અ''ના હકને કેટલીક જરૂરી શરતો સાથે મર્યાદિત કર્યું છે તો તેના માટે મજબૂત દલીલો પણ આપી છે. એવી જ રીતે વારસાની વહેંચણી માટે ન્યાયી કાયદા લાગુ કરવાની વ્યવસ્થા કરી છે. અર્થાત્ વારસાને જવાબદારી સાથે આપસ-આપસમાં સરખી રીતે વહેંચવાના નિયમો ઘડ્યા છે.

આ ન્યાયપૂર્ણ કાયદાઓ અને નિયમોને ઈસ્લામે બન્ને પક્ષની જવાબદારીઓ સાથે સંબંધિત કર્યા છે. તેમજ સજા અને બદલા બાબતે સંપૂર્ણ સંતુલનનો માર્ગ અપનાવ્યો છે. જો કોઈએ ગુનાહ કર્યો છે તો તેને પણ સજાપાત્ર ઠરાવ્યું છે અને કોઈએ સત્કાર્ય કર્યું છે તો તેને સવાબ અને સારા બદલાને પાત્ર ઠરાવ્યું છે.

આનાથી ઊલ્ટું આધુનિક સંસ્કૃતિમાં સ્ત્રી અને પુરુષને પ્રથમ બે અલગ-અલગ જાતિમાં વહેંચવામાં આવ્યા છે. આ વિભાજનના પરિણામે બન્ને જાતિઓના હક્કો નક્કી કરવામાં આ યુગે દરેક પગલે થાપ ખાધી છે.

આ થાપના અનેક ઉદાહરણો મોજૂદ છે. ભૂતકાળની સંસ્કૃતિ અને પ્રણાલિકાને રદ કરવાના જુસ્સામાં સૌ પ્રથમ આ નવી સંસ્કૃતિએ સ્ત્રી સ્વતંત્રતા Womens Librationની ચળવળ ચલાવી. આ ચળવળનો આશય એ હતો કે હક્કોની રૂએ પુરુષ અને સ્ત્રી બન્નેને સમાન સ્થાન આપવામાં આવે. આ ચળવળ માટે સમાનતા કેવળ હક્કોની બહાલી નથી બલ્કે તેનો અસલ લક્ષ્ય પુરુષોનો પ્રભુત્વ છે. અર્થાત્ આ ચળવળનો આરંભબિંદુ આ છે કે પુરુષો પાસેથી હક્કો છીનવી લેવામાં આવે. એના માટે દરેક સ્તરે અને દરેક ક્ષેત્રમાં લડાઈની શરૂઆત થાય. સ્ત્રી ચળવળનો બીજો આશય એ છે કે સ્ત્રીઓના હક્કોને એવી રીતે વિસ્તૃત રૂપ આપવામાં આવે કે તે જીવન-પર્યંત અને દરેક પ્રકારના સંઘર્ષમાં એવી રીતે પ્રભુત્વ જમાવે કે પુરુષોની માફક જ હક્કો, રાજકારણ, સમાજ, વિદ્યા, કળા, રોજી અને મજૂરી દરેક ક્ષેત્રમાં તેને પુરુષોની જેમ જ સમાન હક મળે. આ ધુનની લય એટલી બધી વધી ગઈ કે, કૌટુંબિક જીવનની જવાબદારીઓ અસહ્ય બોજારૂપ લાગવા લાગી, અને સંતાનોનું શિક્ષણ અને ઘડતરને અગમ્ય અને નાપસંદ બાબત સમજીને એવા સૂચનો અને યોજનાઓ બનાવવામાં આવી કે જેનાથી આ મૂળ જવાબદારી એક વ્યક્તિ ઉપરથી હટાવીને બન્ને પક્ષે વહેંચી દેવામાં આવે. સ્ત્રી પુરુષની સમાનતના હિમાયતીઓમાં કેટલાક વર્ગો એવા પણ પેદા થઈ ગયા જેમણે ગર્ભ તથા પ્રસૂતિના ભારને પુરુષો દરમ્યાન વહેંચવા માટે માનવીના શારીરિક અંગો અને તેમની રચના (Anatomy)માં એવા ફેરફાર ઉપર ભાર મૂક્યો, જેનાથી પ્રસૂતિની તકલીફો પુરુષોને પણ તબ્દીલ કરી શકાય. જેવી રીતે તેઓ મોજ માણે છે તેવી રીતે તકલીફ પણ વેઠે.

હક્કોની લડાઈમાં લોકો એ ભૂલી ગયા કે યુગોથી પ્રસ્થાપિત કૌટુંબિક વ્યવસ્થાને

કેટલું મોટું નુકસાન થશે. જો સ્ત્રી અને પુરુષ મળીને કૌટુંબિક વ્યવસ્થાને પરિપૂર્ણ નહિં કરે તો ન તો એ વાતાવરણ બાકી રહી શકે જે પુરુષ અને સ્ત્રી વચ્ચે પ્રેમ અને દયાભાવને વિકસાવે, ન તો સંતાનોનું ઉછેર અને ઘડતર શક્ય બની શકશે. એટલે બહુ વહેલાં આ સંસ્કૃતિના હિમાયતીઓને ખબર પડી ગઈ કે સમાજમાં ગુનાહિત વલણનો વિકાસ થવા લાગ્યો છે. પરંપરાઓ પ્રત્યે સમ્માન લુપ્ત થઈ ગયો, જેના પરિણામે મા-બાપનો સમ્માન ખતમ થઈ ગયો અને તેમના પ્રત્યેનો પ્રેમભાવ પણ ખતમ થઈ ગયો. એનું એક પરિણામ એવું આવ્યું કે, માને પોતાના શરીરના અંગોની સુંદરતા ટકાવી રાખવામાં વધુ રસ જાગ્યો અને માના દૂધથી બાળકનું વંચિત રહેવું એનું ભાગ્ય બની ગયું. ડબ્બાના (કૃત્રિમ) દૂધ પર એનો આધાર વધતો ગયો. પરંતુ ડૉક્ટરોના બૂમ-બરાડા તેમજ વિરોધને કારણે માનું દૂધ ફરી પાછું આવી રહ્યું છે. કુટુંબ છિન્ન-ભિન્ન થતાં અને તેના સભ્ય પ્રત્યે પ્રેમ તથા દયાભાવમાં કમી આવવાને કારણે વયોવૃધ્ધ માતા-પિતાને ઘરડા થવાને કારણે ઘરેથી કાઢી મૂકવાના દિવસો આવ્યા અને દરેક શહેરમાં વૃધ્ધો માટેના આશ્રયસ્થાનો (Oldage homes) બનવા લાગ્યા. આ ઘરડાઘર ઉપર એક નજર નાખવાથી એ વાત અંદાજો કરવા માટે પૂરતી છે કે સ્ત્રીઓમાં હક્કો પ્રસ્થાપિત કરવાની ઇચ્છા સમાજને ક્યાં લઈ જઈ રહી છે.

આધુનિક યુગમાં સ્ત્રીઓના હક્કો પુન: સ્થાપિત કરવા માટેના બે કેન્દ્રોં ધ્યાન ખેંચે એવા છે જેમણે સ્ત્રીના વ્યક્તિત્વને તદ્દન બદલી નાખ્યું છે. આ ચળવળની દષ્ટિમાં સ્ત્રી ફક્ત એક જાતીય સંતોષનો વિષય છે. તેનાથી જાતીય સંબંધો સ્થાપવા અને કાયમ રાખવા સ્ત્રી-પુરુષના પરસ્પરના સંબંધોની શરૂઆત પણ છે અને અંત પણ. તેનું શારીરિક આકર્ષણ અસલ ધ્યાન ખેંચવા લાયક વસ્તુ છે. આ દષ્ટિકોણના પરિણામે બજારો સુંદરતા તેમજ સૌદંર્ય પ્રસાધનોથી ભરાઈ ગયા. અને કૌટુંબિક જીવનનો બજેટ અસંતુલિત થતો ગયો. સ્ત્રીની સુંદરતા ટકાવી રાખવા અને તેની સુંદરતાની કુદરતી ઇચ્છાને સંતોષવા માટે માગ અને પુરવઠા ઉપર જે અસર થવાની હતી તે થઈ. પરંતુ ખુદ સ્ત્રીની સુંદરતા પણ એક બજારૂ વસ્તુ બની ગઈ. હવે જો કોઈ વસ્તુની માર્કેટ બનાવવાની હોય તો સ્ત્રીના સૌદર્યનું પ્રદર્શન જરૂરી છે. સ્ત્રીને માન-સમ્માનના ઉચ્ચ દરજ્જાથી નિંદાના આ સ્થાને પહોંચાડવી એ નવી સંસ્કૃતિનું પરાક્રમ છે. જો આપણે સ્ત્રીના સૌદર્યને બેનમૂન

રાખવા માટે પ્રયત્ન કરીએ છીએ ત્યારે તેના માટે કેદ અને બંદિશ (નિષેધ)નો આરોપ મૂકવામાં આવે છે. પણ જો આ જ સૌંદર્યને બજારૂ વસ્તુ બનાવી દઈએ છીએ જેના વગર ન તો કારો વેચાય છે. ન તો પોષાક કે અન્ય વસ્તુઓ, ન તો ગીત-સંગીતના સાધનો, ન તો સાહિત્યિક સામયિકો, ન તો બાળકોના દૂધના ડબ્બા - તો આને આધુનિક સમયની સંસ્કૃતિના હિમાયતીઓ અત્યંત નીડરતાથી સ્ત્રીનું સમ્માન ઠરાવે છે.

''ચે દિલાવર અસ્ત દુઝદી કે બકફ ચિરાગ દારદ''

(ચોર કેટલો હિંમતવાન છે કે હાથમાં દીવો રાખે છે.)

આ દૃષ્ટિકોણે સ્ત્રી અને પુરુષ બન્નેની પ્રકૃતિ એવી રીતે વિકૃત કરી દીધી છે કે, હવે ઓળખવું મુશ્કેલ થઈ ગયું છે કે શું આ એ જ સ્ત્રી છે જેની પવિત્રતા અને ઈજ્જતને લોકો શિરોમાન્ય રાખતા હતા.

જાતિને વિષય બનાવવા તેમજ હક્કો ઉપર અસાધારણ ભાર મૂકવાને લીધે એક વિચિત્ર તમાશો એ પણ જોવા લાયક છે કે હવે કેટલીક સ્ત્રીઓ એવો દાવો પણ કરવા લાગી છે કે જો તેઓ સૌંદર્ય ધરાવે છે તો, તેમને પોતાની સુંદરતાનું ખુલતા બજારમાં પ્રદર્શન કરવાનો સ્વતંત્ર હક પણ પ્રાપ્ત છે. તેઓ ઈચ્છે તો નગ્ન રહે કે પોતાના નગ્ન/અર્ધ નગ્ન શરીરને ધન-દૌલત માટે વેચે. તેમને અધિકાર છે કે તેઓ આવું કરે. કોઈને આંગળી ચીંધવાનો અધિકાર નથી. એક સરકારી કાર્યકર મહિલાએ ભારતમાં એક સામયિકના પાના ઉપર પોતાના સૌંદર્યનો આવો જ કરિશ્મો બતાવ્યો હતો અને જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે તમે આવું કૃત્ય કેમ કર્યું તો તેમણે જવાબ આપ્યો : આ સૌંદર્ય મારૂં છે, આ શરીર મારૂં છે, આની નગ્નતા કે પ્રદર્શન ઉપર કોઈને રોક-ટોક કરવાનો શો હક છે ? પુરુષ અને સ્ત્રીનો પરસ્પરનો મૂળ સંબંધ ફક્ત જાતીય છે. આનું એક વધુ પાસુ આધુનિક સંસ્કૃતિ રજૂ કરી રહી છે. થોડાંક દિવસો અગાઉ દિલ્હીના એક નેશનલ ડેઈલી (વર્તમાનપત્ર) એ એવો સર્વે કર્યો હતો કે કેટલાક યુવાનો એવા પણ છે જેઓ લગ્ન માટે સુંદર તેમજ સુડોલ બાંધાવાળી એવી સ્ત્રીઓને શોધે છે. જે લગ્નગ્રંથિથી જોડાઈ ગયા પછી પોતાના પતિની આવકમાં સારો એવો વધારો કરી શકે. એટલે કે તવાયફનો કારોબાર હવે કુટુંબની સ્ત્રીઓમાં પણ પેસી ગયો છે. એટલા માટે જ હવે ભાષા અને શબ્દો પણ બદલાઈ રહ્યા

છે. હવે Prostitute (તવાયફ)ની જગ્યાએ Sex worker પરિભાષાનો ઉપયોગ થાય છે. એકાદ સ્ત્રીઓ એવી પણ હોઈ શકે જેમનું સન્માન તેમની શૈક્ષણિક લાયકાત કે સામાજિક સેવાઓને કારણે થઈ શકે છે. પરંતુ આધુનિક સંસ્કૃતિમાં સ્ત્રીઓના સન્માન માટે વર્તમાનપત્રો અને મેગેઝીનો જુઓ જેના પાના તેમના નગ્ન કે અર્ધ-નગ્ન ફોટાઓથી ભરેલા હોય છે.

આધુનિક સંસ્કૃતિમાં સ્ત્રીની સ્વેચ્છચારિતાના પ્રોત્સાહન માટે જે માપદંડો બનાવવામા આવ્યા છે, તેમાં પણ જાતિ (Sex) જ કેન્દ્ર સ્થાને છે. તેનું સ્પષ્ટ ઉદાહરણ સંયુક્ત રાષ્ટ્રો હેઠળ ચાલનાર વિવિધ વર્તમાન કૉન્ફરન્સોના કાર્યક્રમો છે. જેમાંથી બે કૉન્ફરન્સો પોતાના ઉદ્દેશ્યો અને વલણોનો પુરાવો છે. એક કૉન્ફ્રન્સ કેરોમાં યોજાઈ જે સંયુક્ત રાષ્ટ્રના આંતરરાષ્ટ્રીય આબાદી ફંડ હેઠળ યોજાઈ હતી. એમાં સેક્યુલર દૃષ્ટિકોણના હિમાયતીઓએ તમામ ધ્યાન સ્ત્રીના જન્મ આપવાના અધિકાર ઉપર કેન્દ્રિત કર્યું હતું. એ વાત કે સ્ત્રીને સંપૂર્ણ રીતે એ અધિકાર આપવો જોઈએ કે જ્યારે અને જેટલા સમયગાળે ઇચ્છે બાળકને જન્મ આપે. એટલે કે બીજા શબ્દોમાં તે જે પુરુષ સાથે અને જે રીતે ઇચ્છે જાતીય સંબંધ રાખી શકે છે અને જ્યારે ઇચ્છે ત્યારે બાળકને જન્મ આપે કે ન આપે. માટે આ સ્વેચ્છચારીતાને લાગુ કરવા માટે તેને ગર્ભપાત કરાવવાની પણ પરવાનગી મળવી જોઈએ. કાયદાઓમાં એવા સુધારા-વધારા થવા જોઈએ કે જેનાથી બાળકને જન્મ આપવા કે, તેનો નાશ કરવાની સવલત માટે સ્ત્રીને પુરુષની પરવાનગી લેવાની જરૂર ન હોવી જોઈએ. સંયુક્ત રાષ્ટ્રની કેટલીક મહિલાઓએ આ યોજનાનો પ્રસ્તાવ મૂક્યો કે ધાર્મિક પ્રસંગો, મેળાઓ, ઇબાદતગાહો (દા.ત. મસ્જિદ) જેવા પ્રસંગે એવા કાર્યક્રમો રાખવા જોઈએ કે જે કોંડોમના કાયદાનો પ્રચાર કરે, ગર્ભપાતને પ્રોત્સાહન આપે. મજાની વાત તો એ છે કે આ પ્રકારની સ્વેચ્છચારીતાને સ્ત્રીના સ્વાસ્થ્ય માટેના બહોળા કાર્યક્રમનો એક ભાગ ઠેરવવામાં આવ્યો હતો. એનાથી સેંકડો મીટર આગળ એ કૉન્ફરન્સ હતી જે બેઈજીંગ પ્લસ ફાઈવ કૉન્ફરન્સ-૨૦૦૦ના નામે જાણીતી છે. એના કાર્યક્રમો અને વ્યાખ્યાનો, સેમિનાર અને સિમ્પોઝિયમ તેમજ ડૉક્યુમેન્ટ તમામનો કેન્દ્રબિંદુ અને આકર્ષણનું કેન્દ્ર બાહ્ય રીતે સ્ત્રીની સ્વેચ્છાચારીતા તેમજ તેની કફોડી સ્થિતિને સુધારવાનું હતું એમાં બેઈજીંગ ડેકલેરેશન અને એકશન

માટે પ્લેટફોર્મનો અત્યંત દબદબાભેર પ્રોપેગેન્ડા કરવામાં આવ્યો. આ સંદર્ભે સ્ત્રીઓની પ્રગતિ અને વિકાસ માટે ૧૨ મુદ્દાનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો હતો. પરંતુ સૌથી વધુ ભાર જાતીય બળજબરી ઉપર મૂકવામાં આવ્યો હતો. જ્યાં પુરુષ પોતાની જાતીય ઇચ્છાને બળજબરીપૂર્વક સ્ત્રી સાથે સંતોષવા માગે છે. બીજી બાબત સંમલૈંગિક કે સજાતીય પ્રેમમાં પડેલા પુરુષો વિશે છે. એમની માગ એ હતી કે તેમને એક કાનૂની લઘુમતિ વર્ગ તરીકે માન્યતા આપવામાં આવે. આ હેતુઓને લાગુ કરવા માટે બે ખૂબ જ અગત્યના પ્રશ્નો હતા. પ્રથમ એ કે ૧૨ મુદ્દાના કાર્યક્રમ માટે બજેટ ક્યાંથી પૂરૂં પાડવામં આવશે? બીજું એ કે કૌટુંબિક વ્યવસ્થાનું અસ્તિત્વ કેવી રીતે શક્ય બનશે? પરંતુ કૉન્ફરન્સના સ્થાપકોની મૂળ ચિંતા પશ્ચિમી સંસ્કૃતિનું પ્રભુત્વ હતું. એવી સ્વતંત્રતાની ઇચ્છા હતી કે જેના પરિણામે પુરુષ અને સ્ત્રી એકબીજાથી તદ્દન કાયમ માટે સ્વતંત્ર થઈ જાય.

આ સ્વતંત્રતાનો સૌથી મહત્ત્વપૂર્ણ પ્રભાવ પશ્ચિમી સમાજ ઉપર એ પડ્યો છે કે, ત્યાં એક જ સભ્ય કુટુંબ (Single Parent Family)નો રિવાજ થઈ ગયો છે. પશ્ચિમી સંસ્કૃતિ દેખાડાની વૃત્તિ ઉપર આધારિત સંસ્કૃતિ છે. Single Parentની પરિભાષા એ બતાવે છે કે, પુરુષ કે સ્ત્રી જાતીય સંભોગ પછી છૂટા પડી શકે છે. અલગ રહી શકે છે. કોઈ સમાજને એ વાતનો શું અધિકાર છે કે તે આમા રુકાવટ ઊભી કરે. પરંતુ પરિસ્થિતિની વાસ્તવિકતા એ છે કે આ નિર્ણયોની અસર સ્ત્રી/મા ઉપર પડે છે. પુરુષતો બાળક પેદા કરીને અથવા તેનું કારણ પેદા કરીને તેનાથી સંબંધિત તમામ જવાબદારીઓથી દામન ઝટકીને અલગ થઈ જાય છે. પરંતુ સ્ત્રી બિચારી પોતાના બાળકોને ખોળામાં લઈ જીવનના એક મોટાભાગ સુધી જવાબદારીઓ વેઠતી રહે છે. આ સ્ત્રીનું સન્માન છે કે તેની નિંદા? ઇસ્લામી સમાજ વ્યવસ્થામાં રચનાત્મક પ્રક્રિયામાં બન્ને સહભાગી રહે છે. સ્ત્રી ઘડતર અને ઉછેર કરે છે, જ્યારે પુરુષ પોતાના ખભા ઉપર કૌટુંબિક ખર્ચનો ભાર ઉપાડે છે. જ્યારે ગત Single Parent કુટુંબ વ્યવસ્થામાં સ્ત્રીને વધુ સહન કરવું પડે છે અને તેને નિઃસહાય છોડી દેવામાં આવે છે, અથવા પુરુષ સ્ત્રી પશ્ચિમી સંસ્કૃતિની ચમક-દમકથી પ્રભાવિત થયા પછી જો જાતીય મોજ-મસ્તીમાં સપડાઈ જાય છે તો નિઃસહાય અને એકાંતની ભયાનક વાદીઓમાં તેને છોડી મૂકવામાં

આવે છે. એ પછી એકલી મા ન તો બાળકોનું ઘડતર કરી શકે છે, ન તો દેખરેખ. સ્ત્રીઓની આ સ્વેચ્છાચારીતા છે કે એવા પાપની સજા જેને સમાજ પ્રોત્સાહન આપે છે. આ તમામ પ્રક્રિયા આ બાબતની દલીલ છે કે વર્તમાન સમાજ સ્ત્રીને ફક્ત મોજ-મજા તેમજ શારીરિક સુખ માટેનું એક માધ્યમ સમજે છે.

સ્ત્રીને વાસ્તવમાં સૌંદર્ય તેમજ કામેચ્છા સંતોષવાનું માધ્યમ બનાવવાથી જે વિપરિત અસર આપણા દેશ ઉપર પડી રહી છે તેને ઉત્તેજનાત્મક સંગીત, સાહિત્ય, કલાએ મેગેઝીનોના ક્ષેત્રથી આગળ વધીને દેશના વર્તમાનપત્રો તેમજ સામયિકોએ સમગ્ર સમાજમાં જે ઉત્તેજના પેદા કરી છે તેને વધુ તીવ્ર બનાવવામાં ટી.વી. અને કેબલે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. જાતીય આકર્ષણને લીધે જિંદગીના પવિત્ર સંબંધો ઉપર પણ ખૂબ જ ખરાબ અસર પડી છે. હાલમાં જ દિલ્હીના સંબંધિત અધિકારીઓએ એ ઘટ્સ્ફોટ કર્યો છે કે બળાત્કારના બનાવોમાં ૭૫% બનાવો એવા છે જેમાં નિકટના સંબંધીઓ સંડોવાયેલા માલૂમ પડ્યા છે કે હવે તમે તમારી બાળકીઓને પિતા કે કાકાની દેખરેખ કે સાર-સંભાળ હેઠળ છોડી ન શકો. કેટલાંક ઘૃણાજનક બનાવો એવા બન્યા છે કે જેમાં અમુક પિતાઓએ વર્ષો સુધી પોતાની દીકરી સાથે બળાત્કાર કર્યો. શાળાના પવિત્ર વાતાવરણમાં પણ હવે શૈતાન પેસી ગયો છે. તેથી શિક્ષકોની અપકૃત્યોમાં સંડોવણીના અહેવાલ મળતા રહે છે. તબીબ પોતાની સારવાર હેઠળની સ્ત્રીની લાજ લૂંટે છે. પવિત્રતાના આ બધા સંબંધો પણ જો સચવાતા નથી તો એની જવાબદારી કોની છે ? સ્પષ્ટ છે કે પશ્ચિમી વિચારધારા અને પશ્ચિમી સંસ્કૃતિ ઉપર જેણે સ્ત્રીને ફક્ત જાતીય કામેચ્છા સંતોષવાનું સાધન બનાવી દીધી છે, તેણે રોજગારથી લઈને રાજકારણ સુધી સ્ત્રીને પ્રોત્સાહન માટેનું અસરકારક માધ્યમ બનાવી દીધી છે. જો આપને અધિકારીઓથી લાભ લેવો હોય તો સ્ત્રીનો ઉપયોગ કરો.

હવે તો શાંતિના જવાબદાર (Police and Military forces) પણ અપકૃત્ય આચરનારાઓ કે અત્યાચારીઓને અપકૃત્યની સજા કરવા માટે સ્ત્રીઓના બળાત્કારને અત્યંત સફળ હથિયાર માને છે. જેમકે મેરઠ અને મુજફ્ફરનગરમાં ઉત્તરાખંડની માગણી કરનારાઓની સાથે થયું કે પોલીસે વિરોધકર્તાઓની સ્ત્રીઓ સાથે બળાત્કાર ગુજારીને સખત સજા-શિક્ષા આપવાનું નક્કી કર્યું. એ અગાઉ

સુરતમાં મુસ્લિમ નવયુવાન સ્ત્રીઓને નગ્ન કરી ફેરવવામાં આવી અને તેની સાથે બળાત્કાર ગુજારવામાં આવ્યો. તેમજ તેની વીડિયો ઉતારવામાં આવી. કાશ્મીરમાં આપણા જવાનો સતત આ ગુનામાં સામેલ છે. શાંતિ અને સલામતીના ફક્ત ભારતના જ ધ્વજધારીઓ આવા ગુનાઓમાં સંડોવાયેલા નથી પરંતુ આ એવું કેન્સર છે જેમાં યુરોપ, અમેરિકા બધાં જ ડૂબેલા છે. બોસ્નિયાની મુસ્લિમ મહિલાઓ સાથે ખૂબ ઊંચા સ્તરે બળાત્કાર ગુજારવામાં આવ્યા અને હજી પણ જ્યાં મોકો મળે છે પશ્ચિમી સંસ્કૃતિના ઠેકેદારો અમેરિકાના ફોજીઓએ આવું જ કૃત્ય ઇરાકમાં કર્યું અને અફઘાનિસ્તાનમાં પણ. એટલે કે સ્ત્રી સન્માનની પશ્ચિમી કલ્પનાનું આ એક ઉદાહરણ છે કે તેના સતિત્વના ધજાગરા ઉડાડીને પોતાના દુશ્મનોને શિક્ષા કરો અને આવી રીતે સ્ત્રીનું સન્માન કરો.

સ્ત્રીઓની સામૂહિક નિંદાના બનાવો હવે શાળા-કૉલેજોના પટાંગણમાં પણ અત્યંત નિર્લજ્જપણે આચરવામાં આવે છે. રાજસ્થાન યુનિવર્સિટી હૉસ્ટેલમાંની Gang Rapeની ઘટના. કૉલેજના એક વિદ્યાર્થીની પૉલીસ સર્વિસમાં પસંદગી માટેના કાર્યક્રમમાં ઘટના બની. એમાં Blue Film અને શરાબનો દોર ચાલતો રહ્યો છે. એ પછી સામૂહિક બળાત્કારની ઘટના બની. આ ઘટના સમયે તમામ હાજર રહેલ વિદ્યાર્થીઓ બળાત્કારીઓને જોઈ તાળીઓ પાડતા રહ્યા.

સ્ત્રીઓના સાર્વજનિક સન્માનનું એક દુ:ખદ પાસુ, આપણા ભારતમાં નવજાત શિશુઓની કતલ છે, જેને આપણે સ્ત્રી-ભ્રૂણ હત્યા (Female Foeticide) કહીએ છીએ. આપણા સમાજમાં ભવિષ્યની ચિંતાને લીધે માતાઓ મજબૂરીવશ્ પોતાની બાળકીઓની હત્યા કરી નાખે છે. પ્રથમ તો માતાઓ પોતાની બાળકીને જન્મ પછી વિવિધ ઢબે મારી નાખે છે : હવે આની પણ જરૂર નથી પડતી, બલ્કે ડૉક્ટરોની મદદથી માતાના ગર્ભના પરિક્ષણ Scanning દ્વારા જાણી લેવામાં આવે છે કે નવજાત શિશુ છોકરો હશે કે છોકરી. જો છોકરી માલૂમ પડે તો તેનું નાશ કરવામાં આવે છે. ચિંતાજનક બાબત એ છે કે, પહેલાં આ ગુના(પાપ)માં ફક્ત ગરીબ લોકો તેમજ ગરીબ વિસ્તારો સામેલ થતા હતા, પરંતુ હવે પંજાબ, હરિયાણા, પશ્ચિમી ઉત્તરપ્રદેશ, આંધ્રપ્રદેશ અને કર્ણાટક વિગેરે રાજ્યો પણ સામેલ થઈ ગયા છે. આનું કારણ ફક્ત એ ખતરો અને ભય છે કે પુત્રીઓ કુટુંબ ઉપર બોજારૂપ બને છે. તેઓ આવકનું સાધન પુરવાર થતી નથી. બલ્કે તેઓ

કૌટુંબિક સંપત્તિને વહેંચવા અને ભાગલા પાડવાનું કારણ બને છે. ભારત વાસીઓના કુટુંબમાં મૃત્યુ વેળા અમુક અગત્યની રસમો ફક્ત પુત્ર દ્વારા જ કરવામાં આવે છે. માટે પુત્રીઓની નહિં પણ પુત્રોની જરૂર છે. દહેજની પ્રથામાં પણ પુત્રીઓને બોજા સમાન ગણવામાં આવે છે.

પશ્ચિમી સંસ્કૃતિએ સ્ત્રીને ઘણું બધું આપવાની જાહેરાત કરી છે. અને અમુક ક્ષેત્રોમાં તેણે નોંધપાત્ર પ્રગતિ કરી છે. પરંતુ હક્કો તેમજ ફરજોને સ્થાપિત કરવા તેમજ તેને લાગુ કરવામાં ખૂબ જ થાપ ખાધી છે. પ્રતિક્રિયાના રૂપમાં તેણે સ્ત્રીના અધિકારોનો એવો શાનદાર નકશો બનાવ્યો જેમાં જવાબદારીઓ તણખાની માફક તણાઈ ગઈ. તેણે માનવીય સમાજનો એવો નકશો બનાવ્યો જેમાં બુનિયાદી બાબત વિસરાઈ ગઈ કે કુટુંબની સ્થિરતા અને તેનો વિકાસ સમાજની રચના પ્રગતિ અને વિકાસ માટે અનિવાર્ય છે. જયારે કુટુંબ બને છે ત્યારે પુરુષ અને સ્ત્રી બન્ને મળીને તેની રચના કરે છે. બન્ને માટે જરૂરી છે કે તેઓ પ્રેમ અને દયાભાવનો પાયો નાખે. હક્ક અને ફરજ બન્ને મળીને તંદુરસ્ત સમાજ બનાવે છે. આનું નામ સંતુલન છે. આનાથી ન્યાય ફેલાય છે. ઈસ્લામે આવી જ ન્યાયીક વ્યવસ્થાની પ્રથા નાખી છે. દૈવ્ય માર્ગદર્શનની અવગણના કરવાને કારણે અને તેનાથી વેગળા રહીને તેણે અન્યાયી વ્યવસ્થાની રચના કરવાની જયારે પણ કોશિશ કરી છે, તેને નિષ્ફળ થવું પડ્યું છે.

હક્કો અને ફરજો વધારા-ઘટાડા તેમજ સંતુલન ન હોવાને પરિણામે પશ્ચિમી તેમજ બીજી તમામ સંસ્કૃતિઓએ ઠોકર ખાધી છે. દા.ત. અગાઉ તલાકને અસહ્ય બદી માનવામાં આવતું હતું. યુરોપમાં તલાકની કોઈ શકયતાન હતી. ભારતમાં તો પતિના મૃત્યુ પછી સ્ત્રી તેની ચિતામાં બળી જતી હતી. હવે સમય જતાં એવી પરિસ્થિતિ ઊભી થઈ ગઈ છે કે યુરોપ અને અમેરિકામાં તલાક ખેલ-તમાશો બની ગઈ છે. ભારતમાં એવી પરિસ્થિતિ નથી પરંતુ ખૂબ જ દૂરવર્તી ફેરફારો થઈ ગયા છે.

ખુદાના આદેશોથી લાપરવાઈએ માનવીય સમાજને ક્યાં પહોંચાડી દીધો છે. આ કેટલાક ઉદાહરણો છે જે ચિંતન માગી લે છે.